

# પરિષદ-પાથેય

સંકલન : રાજેન્દ્ર પટેલ

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી-૨

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત તા. ૫-૮-૨૦૧૩ના રોજ 'સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાન શ્રેણી-૨'નું આયોજન કર્યું હતું. જેમાં યુ.એસ.એ.ના ફિલાડેલ્ફિયામાં પેન્સિલ્વેનિયામાં ગુજરાતી ભાષાના અધ્યાપક ડૉ. બાબુ સુથારે 'દેરિદાના અનુસંરચનાવાદ' પરની પરિચર્યામાં સાહિત્ય અને ફિલૉસોફી પર ચર્ચા કરી હતી. વક્તવ્યમાં તેમણે કહ્યું હતું કે, આપણી ભાષામાં અનુસંરચનાવાદની પ્રથા નથી, આ પ્રકારની થિયરીને ધતિંગ જેવી માનવામાં આવે છે. તેમણે તત્ત્વજ્ઞાની દેરિદાની વાત કરતાં કહ્યું હતું કે ઇટાલી, જર્મની, ફ્રાન્સ જેવા દેશોમાં આ પ્રકારના કોમ્યુનિટી આઇડિયા પર કામ થઈ રહ્યું છે. કોમ્યુનિટી આઇડિયાનું ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું હતું કે, 'આપણા સાહિત્યમાં સુદામા ચરિત્રમાં આ વિષયનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે, જેમાં મિત્રતા મિત્રતા નથી. કૃષ્ણ એવું વિચારે છે કે, મારી પાસે જે છે એ બધું જ સુદામા પાસે હોવું જોઈએ, પરંતુ શું સુદામા આવું વિચારી શકે કે, મારી પાસે જે છે એ બધું જ કૃષ્ણ પાસે હોવું જોઈએ ?' આ ઉપરાંત તેમણે યુરોપમાં દેરિદા પછીના ફિલૉસોફીના માહોલની વાત કરી હતી.

ફિલૉસોફીની આજની સ્થિતિ અંગે વાત કરતાં તેમણે કહ્યું હતું કે 'છેલ્લી સદીમાં બે વિશ્વયુદ્ધો મળીને આપણી સાથે ઘણી ઘટનાઓ બની ગઈ છે. હાલ તો આ વિશ્વયુદ્ધોને પણ ભુલાવી દે એવી સ્થિતિ માર્કેટની છે. આમ આપણાં માનસ પર કેપિટાલિઝમ છવાઈ ગયું છે. ત્યારે સાહિત્ય પણ વાસ્તવિકતાની ડિમાન્ડ કરે છે.' આ વક્તવ્યમાં બાબુ સુથારે માયાસુખ, બાલડિવ્ઝ, બર્નાડ સ્પિન્ડર, સાર્ત્ર અને હેડિંગર વગેરે ફિલૉસોફર્સ વિશે રસપ્રદ ચર્ચા કરી હતી. અજય રાવલે વક્તાશ્રીનો વિગતે પરિચય કરાવ્યો હતો. પારૂલ કંદર્પ દેસાઈએ સંચાલન સાથે સરસ ભૂમિકા બાંધી આપી હતી. વ્યાખ્યાનના અંતે ઉપસ્થિત સાહિત્યરસિકોએ ફિલૉસોફી વિશેના વિવિધ સવાલોનાં સમાધાન પણ મેળવ્યાં હતાં.

ઇતુભાઈ કુરકુટિયા

## ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વપ્રમુખ શ્રી ભોળાભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ભોળાભાઈના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૭-૮-૨૦૧૩ના બુધવારે સાંજે ૫.૩૦ કલાકે રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં શ્રી ભોળાભાઈ

પટેલના જન્મદિવસે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં આ વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે ભોળાભાઈના જીવન પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મ 'ભોળાભાઈ પટેલ – સર્જક અને સર્જન' દર્શાવવામાં આવી હતી. જેમાં ભોળાભાઈ પટેલનો સાહિત્યિક પરિચય મળે છે. પ્રારંભે નીતિન વડગામાએ ભૂમિકા બાંધી આપી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, ભોળાભાઈને ઉમાશંકર પ્રત્યે વિશેષ લગાવ હતો. શિરીષ પંચાલે વીરેન્દ્રનારાયણ સિંહ સંપાદિત 'અક્ષર શઃ ઉમાશંકર' વિશે વક્તવ્ય આપ્યું હતું. જેમાં ભોળાભાઈએ ઉમાશંકર જોશી વિશે લખેલા લેખોના સંપાદન વિશે વિગતે ચર્ચા કરી હતી. વીરેન્દ્રનારાયણ સિંહે સંપાદક તરીકે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે 'મારું એ દુર્ભાગ્ય છે, કે તેમના અવસાનના બે દિવસ પહેલાં હું બનારસ ગયેલો. તેમણે તેમના અંતિમ ત્રણ દિવસોમાં લખેલા પત્રોમાં તેમણે ટાગોર, કાલિદાસ અને ઉમાશંકર પરનાં પુસ્તકો પૂરાં કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. જેમાં ઝડપી અને સૌથી સરળ કામ ઉમાશંકર પરનું હોવાથી અમે પ્રથમ આ પુસ્તકના સંપાદનનું કાર્ય હાથ ધર્યું. યજ્ઞેશ દવેએ ભોળાભાઈ પટેલ સાથે કરેલી મુલાકાતના લેખોનું પુસ્તક 'અંતરંગ બહિરંગ' વિશે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે, ભોળાભાઈ ફેડરલ ગવર્નમેન્ટના સભ્યની જેમ સર્વમાન્ય હતા. તેમનું સાહિત્યનું ખેડાણ આજાનબાહુ જેવું હતું. જેમાં તેમનો જમણો હાથ સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યને અડતો હોય તો, ડાબો હાથ જર્મન કે અંગ્રેજી સાહિત્યને અડતો હોય અને વચમાં ગુજરાતી, બંગાળી, અસમી અને ઉડિયા જેવી ભાષાઓ આવે છે. રઘુવીર ચૌધરીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. બિંદુ ભટ્ટે સરસ સંચાલન સાથે ગુરુ ભોળાભાઈ પટેલ સાથેનાં સંસ્મરણોને યાદ કર્યાં હતાં. આ પ્રસંગે 'અક્ષરશઃ ઉમાશંકર' અને 'અંતરંગ બહિરંગ' પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત

એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત તા. ૧૯-૮-૨૦૧૩ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે લેખિકાઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત બહેનોએ પોતાની સ્વરચિત અપ્રકાશિત કૃતિઓનું પઠન કર્યું હતું. કૃતિવાંચન પછી રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી.

આ બેઠકમાં સર્વશ્રી ડૉ. લીનાબહેન ત્રિવેદીએ પંખીજગતની સંવેદના દર્શાવતી બાળવાર્તાનું, માલિનીબહેન શાસ્ત્રીએ બે બાળકાવ્યોનું, રસીલાબહેન કડિયાએ 'છેકો' કૃતિનું, દીનાબહેન પંડ્યાએ 'ઘરવખુ' વાર્તા અને ભારતી સોનીએ 'જંગલમાં મંગલ' બાળનાટકનું વાંચન કર્યું હતું.

**પ્રજ્ઞા પટેલ**

## પાક્ષિકી અંતર્ગત

તા. ૨૫-૭-૨૦૧૩ના રોજ અભિમાન્યુ આચાર્ય અને સાગર શાહે 'માર્ગો વાલ્ડો સુપર માર્કેટ'માં અનૂદિત કૃતિ વાંચી હતી. જેમાં ઉપભોગવાદી બજારતંત્રની ભીંસમાં ભીંસાતા માણસની કથા ઘણી રસપ્રદ રીતે કહેવાઈ હતી. અનુવાદ સરસ રીતે કર્યો હતો તેથી કથા દરેકને સ્પર્શી ગઈ હતી.

તા. ૧-૮-૨૦૧૩ના રોજ પૂજા તત્સત્ 'સ્વીષ્ઠ ઑફ' વાર્તાનું પઠન કર્યું હતું. જેમાં ઘર છોડી ગયેલા પતિની ગેરહાજરીમાં સ્ત્રીની મનોવેદનાનું સુંદર ચિત્રણ થયું હતું. વાર્તાની શૈલી અને સૂક્ષ્મ અવલોકનોએ વાર્તાનું મહત્ત્વ વધાર્યું હતું.

તા. ૧૫-૮-૨૦૧૩ના રોજ હસમુખ રાવલે નિબંધ 'એક પગલું આકાશમાં'નું પઠન કર્યું હતું. જેમાં પોતાના પ્રથમ વિમાની પ્રવાસનું ભાગ્યે જ રજૂ થયું હોય એવું સરસ વર્ણન સાંભળવા મળ્યું ભાવકોએ નિબંધની પ્રશંસા કરી હતી.

**દીવાન ઠાકોર**

□

## ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના સુડતાલીસમા અધિવેશનનું આયોજન એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજના યજમાનપદે આણંદ મુકામે તારીખ : ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર ૨૦૧૩ના ત્રણ દિવસ યોજાશે.

**અધિવેશન સ્થળ** : એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ
**ઉદ્‌ઘાટન સમારંભ** : તા. ૨૪-૧૨-૨૦૧૩ મંગળવાર,

**બેઠક પહેલી** : કવિતા – સાહિત્યસ્વરૂપ – કેફિયત. તા. ૨૪-૧૨-૨૦૧૩
મંગળવાર, બપોરે ..
અધ્યક્ષ : માધવ રામાનુજ
વક્તા : છાંદસ : હરીશ મીનાશ્રુ
ગીત : મનોહર ત્રિવેદી,
ગઝલ : જલન માતરી

**બેઠક બીજી** : આસ્વાદ બેઠક : રાજેન્દ્ર શાહની કવિતાઓ
તા. ૨૪-૧૨-૨૦૧૩ મંગળવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૦૦
અધ્યક્ષ : ધીરુ પરીખ
સંયોજક : પરેશ નાયક

**તા. ૨૫-૧૨-૧૩ બુધવારના રોજ સવારે ૮.૦૦થી ૯.૩૦**
**ગુજરાતી સાહિત્ય પરિષદની નવી/જૂની મધ્યસ્થ સમિતિ અને**
**કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક**

**બેઠક ત્રીજી :** વિવેચન-સંશોધન
તા. ૨૫-૧૨-૧૩ બુધવાર
સવારે ૯.૩૦થી ૧૨.૩૦
અધ્યક્ષ : અજિત ઠાકોર
વક્તાઓ : હર્ષવદન ત્રિવેદી, હસિત મહેતા, રાજેશ પંડ્યા

**બેઠક ચોથી :** પરિસંવાદ : શિક્ષણના માધ્યમ તરીકે સાહિત્ય તા. ૨૫-૧૨-૧૩ બુધવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦
અધ્યક્ષ : આર. બી. શાહ
વક્તાઓ : શિક્ષણ અને સાહિત્ય : ધવલ મહેતા
સમૂહ માધ્યમ અને સાહિત્ય : રઘુવીર ચૌધરી
સાહિત્યના પ્રસારના પ્રશ્નો : સુદર્શન આયંગર

**બેઠક પાંચમી :** યજમાન સંસ્થા આયોજિત કાર્યક્રમ
તા. ૨૫-૧૨-૧૩ બુધવાર, રાત્રે ૮.૦૦થી ૯.૩૦

**બેઠક છઠ્ઠી : સમાપન બેઠક તા. ૨૬-૧૨-૧૩ ગુરુવાર,** સવારે ૯.૩૦થી ૧૨.૦૦

– ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન બેઠક
– ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ
– બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે.

---

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓને ભોજન-ઉતારા શુલ્ક **રૂ. ૩૦૦/-** તથા પ્રતિનિધિ શુલ્ક **રૂ. ૨૦૦/-** ભરવાના રહેશે. કુલ **રૂ. ૫૦૦/-** થશે.

વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે)

ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૧૩ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

□